| | |
|---|---|
| **Headline:** IISL to rebrand all the indices | |
| **Source:** Nav Gujarat Times | **Date:** 29 September 2015 |

# IISL દ્વારા તમામ ઈન્ડેક્સનું રીબ્રાન્ડિંગ કરાયું

**અમદાવાદઃ** નેશનલ સ્ટોક એક્સચેન્જની (એનએસઈ) ગ્રુપ કંપની તેમજ અગ્રણી ઈન્ડેક્સ પ્રોવાઇડર ઈન્ડિયા ઈન્ડેક્સ સર્વિસીઝ એન્ડ પ્રોડક્ટ્સ લિમિટેડે (આઈઆઈએસએલ) સીએનએક્સ નિફ્ટી સહિતના તમામ ઈન્ડેક્સનું રીબ્રાન્ડિંગ કર્યું હોવાનું જણાવ્યું હતું. આઈઆઈએસએલે રીબ્રાન્ડિંગ પ્રક્રિયામાં તમામ ઈન્ડેક્સની આગળ 'નિફ્ટી' ઉમેર્યું છે. એનએસઈના બેન્ચમાર્ક ઈન્ડેક્સ સીએનએક્સ નિફ્ટીનું નામ હવેથી 'નિફ્ટી 50' રહેશે. "નિફ્ટી ઈન્ડેક્સમાં ભાગીદારી સતત વધી હોવાથી વૈશ્વિક રોકાણકારોનો ભારતીય બજારમાં રસ વધ્યો હોવાનું સુચવે છે," તેમ એનએસઈના એમડી અને સીઈઓ ચિત્રા રામક્રિષ્નાએ જણાવ્યું હતું.